પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૨૩ | ૫ ફેબ્રુઆરી, ૨૦૨૨, શનિવાર; મહા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

પુણે બિલ્ડીંગ દુર્ઘટનામાં સાત મજૂરોનાં મોત

અન્ય 3 મજૂરો ઘાયલ : સ્લેબ નીચે પડતાં સળિયા મજૂરોનાં શરીરમાં ઘૂસી ગયા : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂણેમાં નિર્માણાધીન બિલ્ડિંગમાં થયેલા અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી

મુંબઈ,તા.૪

મહારાષ્ટ્રના પુણેમાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે જેમાં ૭ મજૂરોનાં ઘટના સ્થળે જ મોત થયા છે. એક અંડરકન્સ્ટ્રક્શન બિલ્ડીગનું કામ ચાલી રહ્યું હતું. ત્યારે તેનો સ્લેબ પડ્યો હતો જ્યાં ૧૦ મજૂરો કામ કરતાં હતાં. આ સ્લેબનાં ૧૬ ઘ્ઘ ના સળિયા તેમની અંદર ઘૂસી ગયા હતા. મહારાષ્ટ્રના પુણેમાં એક અકસ્માતમાં ૭ મજૂરોના મોત થયા છે. જ્યારે ૩ લોકો ઘાયલ થયા છે. આ ઘટના ગુરુવારે મોડી રાત્રે યરવડા વિસ્તારના શાસ્ત્રીનગરમાં બની હતી. પૂણેમાં બનેલી આ ઘટનામાં આ વિસ્તારમાં એક નિર્માણાધીન બિલ્ડીગનું કામ ચાલી



રહ્યું હતું. ત્યારે તેનો એક સ્લેબ પડી ગયો. રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે છે અને બચાવ કાર્ય કરી રહી છે. ઝોન-૫ના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ રોહિદાસ પવારે જણાવ્યું કે આ અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે જ્યારે ત્રણ અન્ય ઘાયલ થયા છે. તેમણે કહ્યું કે આ ઘટના ત્યારે બની જ્યારે મજૂરો ત્યાં કામ કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે કાટમાળ નીચે ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ફાયર બ્રિગેડ અને પોલીસ કર્મચારીઓને કામે લગાડવામાં આવ્યા છે.

ભારતમાં કોરોનોનો મૃતાંક પાંચ લાખને પાર : ભારત વિશ્વનો ત્રીજો દેશ

નવી દિલ્હી, તા.૪

ભારતમાં કોરોના વાયરસના કારણે મરનારાઓનો આંકડો ૫ લાખને પાર કરી ગયો છે. આ સાથે જ ભારત વિશ્વમાં કોરોનાનો ૫ લાખથી વધુ મૃતકઆંક ધરાવતો ત્રીજો દેશ બન્યું છે. આ યાદીમાં અમેરિકા અને બ્રાઝિલ આ બે દેશ જ ભારતથી આગળ છે. અમેરિકામાં ૯,૨૦,૦૦૦થી વધારે જ્યારે બ્રાઝિલમાં ૬,૩૦,૦૦૦ કરતાં વધારે લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. વિશ્વમાં કોરોનાના કારણે કુલ જેટલા લોકોના મોત થયા છે તે પૈકીના ત્રીજા ભાગના મૃત્યુ માત્ર આ ૩ દેશમાં જ નોંધાયા છે. ટોટલ કોવિડ મૃતકઆંકની યાદીમાં ભારત ત્રીજા સ્થાને છે પરંતુ જો પ્રતિ ૧૦ લાખે મૃતકઆંકની ગણતરી કરવામાં આવે તો ભારત ૧૩૧મા ક્રમે છે.

મૃતકોના પરિવારને વળતર એ ઉપકાર નથી : સુપ્રીમ

કોરોનામાં માર્યા ગયેલાના પરિવારને વળતર મુદ્દે સુપ્રીમનું આકરૂં વલણ : સુપ્રીમ કોર્ટે ફરીથી ગુજરાત સરકારની ઝાટકણી કાઢી, સરકાર ૧૦૫૮૦ લોકોનાં મોતનું સમર્થન કરે છે, એક લાખ લોકોએ વળતરનો દાવો કર્યો છે

નવી દિલ્હી, તા.૪

ગુજરાતમાં કોરોનાથી માર્યા ગયેલા લોકોને વળતર આપવાના મામલે સુપ્રીમ કોર્ટે એકવાર ફરીથી ગુજરાત સરકારની ઝાટકણી કાઢી છે. કોર્ટે કહ્યું કે, કલ્યાણકારી રાજ્ય મહામારીમા માર્યા ગયેલા લોકો પર કોઈ ઉપકાર નથી કરી રહી. રાજ્ય સરકાર ગુજરાતમાં કોરોના સંક્રમણથી ૧૦૫૮૦ લોકોની પુષ્ટિ કરે છે. પરંતુ કોરોનાથી જે પરિવારોમાં મોત થયા છે તેવા અંદાજે ૧ લાખ પરિવાર વળતરનો દાવો કરી રહ્યાં છે. સુપ્રીમ કોર્ટે સરકારને પૂછ્યુ કે, શુ તમે કોરોનાથી માર્યા ગયેલા લોકોના નામ, મોતની તારીખ તથા તેમના સરનામાનુ લિસ્ટ અદાલતમાં રજૂ કરી શકો એમ છો. ગુજરાત સરકારે આ પહેલા અદાલતને જણાવ્યુ હતુ કે, સરકાર કોરોનામા માર્યા ગયેલા લોકોના સ્વજનોને ૫૦-૫૦ હજાર વળતર આપી રહી છે.

અદાલતે આ મામલે કહ્યુ કે, કલ્યાણકારી રાજ્યમાં સરકાર મહામારીમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને વળતર આપીને કોઈ ઉપકાર નથી કરી રહી, કારણ કે એ તેની જવાબદારી છે. અદાલતે સરકારને કહ્યુ કે, રાજ્યમાં માર્યા ગયેલા લોકોનો આંકડો ગૂંચવાઓ નહિ. ગુજરાત સરકાર આ પહેલા કોરોનાથી માર્યા ગયેલા લોકોની સંખ્યાને લઈને અદાલત સામે અલગ અલગ વિરોધાભાસી આંકડા રજૂ કરી ચૂકી છે.

અસુદ્દીન ઓવૈસીને ઝેડ કેટેગરીની સુરક્ષા અપાઈ

બે આરોપીઓ ગૌતમબુદ્ધ નગરના સચિન અને દેવબંધ, સહારનપુ નિવાશી શુભમની હાપુડ પોલીસે ધરપકડ કરી

લખનઉ, તા.૪

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ-મુસ્લિમીનના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી પર ગુરૂવારે મેરઠથી દિલ્હી આવતા સમયે છિજારસી ટોલ ગેટ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરો તરફથી ચલાવવામાં આવેલી ગોળીઓ તેમની કાર પર લાગી અને અસદુદ્દીન ઓવૈસી બચી ગયા હતા. ત્યારબાદ કેન્દ્ર સરકારે ઓવૈસીને ઝેડ કેટેગરીની સુરક્ષા ઉપલબ્ધ કરાવી છે.

આ ઘટનામાં સામેલ બે આરોપીઓ ગૌતમબુદ્ધ નગરના સચિન અને દેવબંધ, સહારનપુ નિવાશી શુભમની હાપુડ પોલીસે ધરપકડ કરી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યુ કે સચિન અસદુદ્દીન ઓવૈસી અને તેમની પાર્ટીઓના નેતાના ભાષણને લઈને નારાજ હતો. તેથી છેલ્લા ઘણા દિવસથી તે હુમલો કરવાનો પ્લાન બનાવી રહ્યો હતો. આ બંને મેરઠમાં ઓવૈસીની સભામાં પણ હાજર હતા. જાણકારી પ્રમાણે અસદુદ્દીન ઓવૈસી ગોળી કાંડનો મુખ્ય આરોપી સચિન ઘણા દિવસથી તેમનો પીછો કરી રહ્યો હતો. તે ઓવૈસીની મેરઠની સભામાં પણ ગયો હતો. શુભમની સાથે હુમલા માટે ઘણા દિવસથી તક શોધી રહ્યો હતો. તેની યોજના હતી કે અસદુદ્દીન ઓવૈસીને માર્યા બાદ તે સીધા પોલીસ સ્ટેશનમાં સરેન્ડર કરી દેશે, જેથી ભીડના ગુસ્સાથી બચી જાય. પરંતુ ગુરૂવારે સચિને જ્યારે ગોળી ચલાવી તો નિશાન પર લાગી નહીં. ત્યારબાદ ડ્રાઈવરે ગાડીને આગળ ભગાવી લીધી. તેથી તેનો પ્લાન ફેલ થઈ ગયો હતો.

પંજાબના મુખ્યમંત્રી ચન્નીના ભત્રીજાની ઈડીએ કરી ધરપકડ

પંજાબ ચૂંટણી પહેલા મુશ્કેલમાં ચરણજીત ચન્ની : ઈડીએ ભૂપિન્દર હનીને ગેરકાયદેસર ખનન મામલામાં પૂછપરછ માટે જાલંધર સ્થિત ઈડી ઓફિસે બોલાવ્યો હતો

ચંદીગઢ,તા.૪

પંજાબમાં યોજાનાર વિધાનસભા ચૂંટણી પહેલા મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીની મુશ્કેલીમાં વધારો થયો છે અને તેમના ભત્રીજા ભૂપિન્દર હનીની ઈડીએ ધરપકડ કરી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત જાણકારી અનુસાર ઈડીએ ભૂપિન્દર હનીને ગેરકાયદેસર ખનન મામલામાં પૂછપરછ માટે જાલંધર સ્થિત ઈડી ઓફિસે બોલાવ્યો હતો. પૂછપરછ બાદ ઈડીએ હનીની ધરપકડ કરી લીધી છે. તેને આજે (૪ ફેબ્રુઆરી) મોહાલી કોર્ટમાં રજૂ કરવામાં આવી શકે છે. ઈડીએ થોડા દિવસ પહેલા ભૂપિન્દર હની અને તેના સાથીઓના ઠેકાણા પર મોહાલી અને લુધિયાનામાં રેડ કરી હતી.

આ દરમિયાન ૧૦ કરોડ રોકડા, ૧૨ લાખનીરોલેક્ટ ઘડીયાળ, ૨૧ લાખ રૂપિયાનું સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. ઈડીને ૮ કરોડ રૂપિયા હનીના મોહાલીના હોમલેન્ડ સ્થિત ઘર અને ૨ કરોડ રૂપિયા તેના પાર્ટનર સંદીપના લુધિયાણા સ્થિત ઠેકાણાથી મળી આવ્યા હતા. આ કાર્યવાહી ૨૦૧૮માં નોંધાયેલા ગેરકાયદેસર રેતી ખનન કેસમાં થઈ છે. આ કેસ તત્કાલીન મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહના હવાઈ પ્રવાસમાં ગેરકાયદેસર રેત ખનન પકડાયા બાદ દાખલ થયો હતો. પોલીસે ત્યારે આઈપીસીની કલમ ૩૭૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને માઈન્સ એક્ટ હેઠળ કેસ દાખલ કર્યો હતો.

નીટ પીજીની પરીક્ષા ૬-૮ સપ્તાહ ટાળવામાં આવી

નવી દિલ્હી, તા.૪

નીટપીજીપરીક્ષાને લઈને સરકારે મોટી જાહેરાત કરી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જણાવવામાં આવ્યું કે નીટ પીજી ૨૦૨૨ની પરીક્ષાને ટાળી દેવામાં આવી છે. સરકારે કહ્યું કે, પરીક્ષાને ૬થી ૮ સપ્તાહ માટે ટાળવામાં આવી છે. મહત્વનું છે કે આ પરીક્ષાનું આયોજન ૧૨ માર્ચે થવાનું હતું.

એનબીઈદ્વારા પરીક્ષા ટાળવા કહેવાયું હતું કારણ કે આ નીટપીજી ૨૦૨૧ કાઉન્સેલિંગની સાથે સંઘર્ષ કરી રહી હતી. આ સિવાય ઘણા ઈન્ટરર્ન મે/૨૦૨૨ ના મહિના સુધી પીજીકાઉન્સેલિંગ ૨૦૨૨માં ભાગ નહીં લઈ શકે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે ઉપરના તથ્યોને ધ્યાનમાં રાખતા મંત્રીએ નીટ પીજી ૨૦૨૨ ને ૬-૮ સપ્તાહ કે યોગ્ય રીતે સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

મહત્વનું છે કે નીટ પીજી પરીક્ષાને લઈને સુપ્રીમ કોર્ટમાં પણ આજે સુનાવણી થવાની હતી.

ઘણા વિદ્યાર્થીઓએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને કહ્યું હતું કે નીટ પરીક્ષાને હાલ ટાળી દેવી જોઈએ. આ અરજી પર જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડ અને જસ્ટિસ સૂર્યકાંતની બેંચ સુનાવણી કરવાની હતી. અરજીકર્તાઓએ પોતાની અરજીમાં મેડિકલ ઈન્ટર્નશિપનો હવાલો આપ્યો હતો. ઘણા વિદ્યાર્થીઓની ઈન્ટર્નશિપ પૂરી થઈ નથી. તેનું કહેવું છે કે એક સાથે બે બેચને કઈ રીતે સીટ ઉપલબ્ધ કરાવી શકાય છે. તેથી ૧૨ માર્ચે પરીક્ષાનું આયોજન કરવું યોગ્ય નથી.

મહત્વનું છે કે લાંબા આંદોલન અને પ્રદર્શન બાદ નીટ પીજીની કાઉન્સેલિંગ શરૂ થઈ હતી. આ પાછલા વર્ષના વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ છે, જેને વારંવાર ટાળવામાં આવતું હતું.

દિલ્હીમાં કોલેજો-શાળાઓ નિયંત્રણો સાથે ખોલાશે

દિલ્હીમાં કારમાં એક વ્યક્તિ સફર કરે તો માસ્ક જરૂરી નહીં, જિમ ખોલાશે, નાઈટ કર્ફ્યુ હજુ યથાવત રહેશે : દિલ્હી સરકારનો નિર્ણય

નવી દિલ્હી, તા.૪

કોરોનાના ઘટતા કેસ વચ્ચે દિલ્હીમાં આજે ડીડીએમની બેઠક થઈ હતી, જેમાં મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. દિલ્હીમાં હવે સ્કૂલ-કોલેજ અને જિમ ખોલી દેવામાં આવશે. જો કારમાં એક વ્યક્તિ સફર કરી રહ્યો હતો અને માસ્ક નહીં પહેર્યું હોય તો દંડ લાગશે નહીં. દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની બેઠક બપોરે ૧૨ કલાકે વીડિયો કોન્ફરન્સ દ્વારા થઈ હતી. તેમાં મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. દિલ્હીમાં લેવાયા મહત્વના નિર્ણયઃ ૭ ફેબ્રુઆરીથી કોલેજ અને કોલિંગ ઈન્સિટ્યુટ નિયમનો સાથે ખોલવામાં આવશે. તેમાં હવે ઓનલાઈન કલાસ થશે નહીં. તબક્કાવાર રીતે સ્કૂલ ખોલવામાં આવશે. પહેલાં ૭ ફેબ્રુઆરીથી



ધોરણ-૯થી લઈને ૧૨ સુધીની શાળા ખોલવામાં આવશે. પરંતુ તે માટે ઓનલાઈન ક્લાસો પણ જારી રહેશે. ૧૪ ફેબ્રુઆરીથી નર્સરીથી ધોરણ ૮ સુધીના બાળકો માટે શાળાઓ પણ ખોલવામાં આવશે. આ વર્ગોના શિક્ષકોને સંપૂર્ણ રસી આપવામાં આવશે તો જ તેમને શાળામાં પ્રવેશ આપવામાં આવશે. દિલ્હીમાં અત્યારે નાઈટ કર્ફ્યુ ચાલુ રહેશે. જો કે હવે તેનો સમય બદલીને ૧૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી કરવામાં આવ્યો છે. રેસ્ટોરન્ટ હવે ૧૧ વાગ્યા સુધી ખુલી શકશે. અગાઉ તેમને માત્ર ૧૦ વાગ્યા સુધી જ ખોલવાની મંજૂરી આપવામાં આવી હતી. હવે તમામ ઓફિસો ૧૦૦ ટકા ક્ષમતા સાથે ખોલી શકાશે. નિયમો સાથે હવે જીમ, સ્પા અને સ્વિમિંગ પુલ પણ ખોલી શકાશે. જો કારમાં માત્ર એક જ વ્યક્તિ સવાર હોય, તો તેણે માસ્ક પહેરવાની જરૂર રહેશે નહીં, તેને છૂટ આપવામાં આવી છે. ડીડીએમએની બેઠક બાદ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ એક પત્રકાર પરિષદ યોજી હતી.

દેશમાં એક લાખ ૪૯ હજાર ૩૯૪ કોરોનાના નવા કેસ

નવી દિલ્હી,તા.૪

દેશમાં જીવલેણ કોરોના વાયરસ મહામારીના મામલામાં કાલની તુલનામાં આજે મોટો ઘટાડો થયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના એક લાખ ૪૯ હજાર ૩૯૪ કેસ સામે આવ્યા છે અને ૧૦૭૨ લોકોના મૃત્યુ થયા છે. ગુરૂવારની તુલનામાં શુક્રવારે નવા કેસમાં ૧૩ ટકાનો ઘટાડો થયો છે. ગુરૂવારે એક લાખ ૭૨ હજાર ૪૩૩ કેસ સામે આવ્યા હતા. દેશમાં પોઝિટિવિટી રેટ હવે ૯.૨૭ ટકા છે. જાણો દેશમાં કોરોનાની વર્તમાન સ્થિતિ શું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરેલા આંકડા પ્રમાણે દેશમાં હવે એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૪ લાખ ૩૫ હજાર ૫૬૯ થઈ ગઈ છે. તો મહામારીમાં મૃત્યુ પામનાર લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૫૫ થઈ ગઈ છે. કાલે બે લાખ ૪૬ હજાર ૬૭૪ લોકો સાજા થયા છે. દેશમાં અત્યાર સુધી ૪ કરોડ ૧૭ હજાર ૮૮ લોકો સંક્રમણથી મુક્ત થયા છે. મહત્વનું છે કે કર્ણાટકમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬ હજાર ૪૩૬ નવા કેસ સામે આવ્યા અને ૪૪ હજાર ૮૧૯ દર્દી સાજા થયા છે. તો ૬૦ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં સક્રિય કેસની સંખ્યા ૧ લાખ ૪૮ હજાર ૮૦૦ છે. તો કેરલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૨ હજાર ૬૭૭ નવા કેસ સામે આવ્યા છે અને ૧૧૪૪ લોકો સાજા થયા છે. આ દરમિયાન ૩૭ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૩ લાખ ૬૯ હજાર ૭૩ છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જણાવ્યું કે ભારતમાં કાલે કોરોના વાયરસ માટે ૧૬ લાખ ૧૧ હજાર ૬૬૬ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા, આમ દેશમાં અત્યાર સુધી કુલ ૭૩ કરોડ ૫૮ લાખ ૪ હજાર ૨૮૦ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચુક્યા છે.

ટોચ ઉપર બેઠેલાને નબળા મુખ્યમંત્રી જોઈએ છે : સિધ્ધુ

પંજાબમાં કોંગ્રેસના મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કરતા પહેલા સિદ્ધુનો હાઈકમાન્ડ પર દબાણનો પ્રયાસ

ચંદીગઢ, તા.૪

પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધુ હંમેશા પોતાના નિવેદનને કારણે ચર્ચામાં રહે છે. પંજાબમાં કોંગ્રેસના મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કરતા પહેલા સિદ્ધુ પોતાના નિવેદનો દ્વારા હાઈકમાન્ડ પર દબાણ બનાવવાની કોશિશ કરી રહ્યા છે. કોંગ્રેસ હાઈકમાન્ડ પર કટાક્ષ કરતા તેમણે જણાવ્યું હતું કે શીર્ષ પર બેઠેલા લોકોને કમજોર મુખ્યમંત્રી જોઈએ છે, જે તેમના ઈશારે કામ કરી શકે.

નોંધનીય છે કે ૬ ફેબ્રુઆરીએ કોંગ્રેસ પંજાબમાં મુખ્યમંત્રી પદના ઉમેદવારની જાહેરાત કરી શકે છે. આ પહેલા સિદ્ધુ હાઈકમાન્ડ પર નિશાન સાધતા જોવા મળ્યા હતા. સિદ્ધુએ જણાવ્યું હતું કે જો નવું પંજાબ બને

છે તો તે મુખ્યમંત્રીના હાથમાં છે. આ વખતે સમર્થકોએ મુખ્યમંત્રીની પસંદગી કરવાની છે. સિદ્ધુએ સમર્થકોને પૂછ્યું કે શું તમને આવા સીએમ જોઈએ છે?

સિદ્ધુ પહેલા જ આવા નિવેદનો કરીને કેપ્ટન અમરિંદર સિંહને મુખ્યમંત્રી પદ પરથી હટાવી ચૂક્યા છે. નવી સરકારમાં ઘણી નિમણૂંકોમાં સિદ્ધુની દખલગીરી પણ માનવામાં આવી છે. વાસ્તવમાં પંજાબમાં કોંગ્રેસ હજુ સુધી મુખ્યમંત્રી પદના ઉમેદવાર નક્કી કરી શકી નથી. પંજાબમાં આમ આદમી પાર્ટીની તર્જ પર પાર્ટી પર સામાન્ય રાયશુમારીથી સીએમ પદ માટે ઉમેદવાર જાહેર કરવાનો પ્રયાસ કરી રહી છે. જ્યારે, સિદ્ધુ પણ અનેક અવસરો પર કહી ચૂક્યા છે કે સીએમ ઉમેદવાર પર સ્થિતિ સ્પષ્ટ હોવી જોઈએ.